## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

દુ:ખની ધરતીના અમે છોડવા,
સુખ કાજે તાકીએ અંકાશ;
પવન લહેરે લાગીએ ડોલવા,
સુખના કેવા આભાસ ?

- સ્વપન્સ્થ

### પાથેય

- રમેશ ઠક્કર

## ખિસ્સામાં ખુશીઓ

ખુશીઓ નાના નાના ટાપુઓ ઉપર ટપકતી રહે છે.એનો એક આગવો મુકામ હોય છે..એનો સ્વભાવ પતંગિયા જેવો છે..જો એનો પીછો કરો કે એની પાછળ દોડાદોડ કરો તો એ તમને થાપ ખવડાવી સિફતપૂર્વક દૂર ખસી જાય..જો સ્વભાવ આપણે મનગમતું કામ કરતા રહીએ તો અચાનક જ આપણી આસપાસ મનગમતો માહોલ બની જતો હોય છે..પતંગિયાને પકડવાની પળોજણ કરવી વ્યર્થ છે એમ જ ખુશીઓને ખિસ્સામાં ભરવી શક્ય નથી..!

મકરંદ દવે જેવા કવિ આ બાબતને બરાબર સમજી શક્યા છે...એ કહે છે કે 'ગમતું મળે તો અલ્યા ગુંજે ના ભરીએ, ગમતાનો કરીએ ગુલાલ... '..આ પંક્તિમાં ગજબ રહસ્ય છુપાયેલું છે.સામાન્ય રીતે કોઈપણ વસ્તુ આપણે પોતાના માટે ઉપયોગ કરીએ તો એ આનંદ આપે છે..આ બાબત સુખના સંદર્ભમાં તદન વિરૂદ્ધ છે..ગમતી બાબતો અન્યને વહેંચવાથી એમાંથી જે પરિતોષ મળે છે એ અવર્ણનીય હોય છે.

આપણા કવિઓ અને સંતો આ સત્યને ખુબ જ ઓછા શબ્દોમાં આપણી સમક્ષ મૂકી આપે છે.પ્યાર એ એકબીજાને વહેંચવાની ચીજ છે..એ બીજાને આપવાથી વધતો જાય છે..અન્યના ઉત્કર્ષ માટે કામ કરતા સંતો અને એમની પારમાર્થિક સેવાઓ એમને મૂઠી ઉંચેરા સાબિત કરે છે..માત્ર પોતાના માટે જ જીવતા લોકોને પરમ સંતોષ મળી શકતો નથી..બીજાને આનંદ આપતાં જે અનહદ સંતોષ મળે છે એ જ જીવનની સાચી ખુશી હોય છે..

આખી જિંદગી આપણે સુખનું સરનામું શોધતા રહીએ છીએ..સગાંસંબંધી કે મિત્રો પાસેથી એકાદ નાનું આશ્વાસન મેળવવા માણસ હંમેશાં ઝંખતો રહે છે..નવાઈ લાગે એવી વાત એ છે કે આ પ્રકારનો ઉમળકો એ સામેની વ્યકિત માટે રાખી શકતો નથી..બીજાને પ્રેમ આપવામાં એ હંમેશાં સંકોચ રાખતો હોય છે..દરેકનું પોતાના સુખનું એક વર્તુળ હોય છે..એટલા પૂરતા જ એના માપદંડો પણ હોય છે..આપણે એ ભુલી જઈએ છીએ કે સુખ એ વિસ્તારનો વિષય છે..અને એટલે જ જયારે આપણી સિમિત મર્યાદા એને વિસ્તારી શકતી નથી ત્યારે આપણે વિષાદ અનુભવીએ છીએ.

ગમતાનો ગુલાલ કરવો એટલે આપણે જે વસ્તુ થકી આનંદ પામી કે કોઈક સત્યની ઝાંખી કરીએ એ મુકતમને બધાને વહેંચવું .સૌને સહભાગી કરવા.કોઈ કવિ સરસ કવિતા લખે તો એ ભાવકો માટે પ્રગટ કરે છે..કોઈક વૈજ્ઞાનિક જો કોઈ શોધ કરે તો એ દુનિયાના સુખ માટે કે વ્યાપક ઉપયોગ માટે એને જાહેર કરે છે..આમ કરવાથી જ એમના સર્જનનો પરમ આનંદ એ અનુભવતા રહે છે..એકલપેટે અને એકલખૂણે જીવતા માણસો થકી આ જગત ઉભરાય છે..અન્યને માટે આનંદ ફેલાવતા લોકો થકી જ ખુશીઓ ચારેતરફ ઉભરાતી રહે છે.

# પ્રદર્શન કરતા જીવન વધુ મૂલ્યવાન છે

**તંત્રીસ્થાનેથી...**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સમજદારી પર જરૂર ગર્વ લઈ શકાય એમ છે. ગુજરાતના આંગણે દુનિયા ઢલવાવાની તડામાર તૈયારીઓ થઈ રહી હતી અને એને આવકારવા માટેની તમામ ભૂમિકા સંપન્ન થઈ ગઈ હતી ત્યારે પરિસ્થિતિનું આકલન કરીને એમણે ગુજરાત અને ગુજરાતની પ્રજાના હિતમાં કેટલાક કઠોર નિર્ણય લેવાની ફરજ બજાવી છે. એથી ભલે રાજયની તિજોરીને કરોડોનું નુકશાન પહોંચ્યું હોય પણ કોરોના જેવી મહામારી સામે પ્રજાને સુરક્ષા સાંપડી છે - જેનો આપણે મહિમા કરવો જોઈએ. પ્રખ્યાત નવલકથા 'ચિત્રલેખા' નાં પ્રશિષ્ટ પાત્રો પર પરિસ્થિતિવશ એમની ઊંચાઈ છોડી વાસ્તવનો સ્વીકાર કરે છે. મનુષ્ય પરિસ્થિતિનો ગુલામ છે. એનો એને અફસોસ પણ ન હોવો જોઈએ. આંધળૂકિયાં કરીને પર્વત શિખર પરથી છલાંગ મારીએ તો હાડકાં પાંસળાં સાજાં ન જ રહે, કદાચ ખીણમાં એવી જગ્યાએ ખાબકીએ કે લાશ પણ ન જડે. માણસને પરિસ્થિતિનું આકલન કરવા માટે અને જરૂર પડ્યે એની સામે ઝીંક ઝીલવાની શક્તિ અને સૂઝ પણ કુદરતે આપી જ રાખી છે. જો જાણી જોઈને એની વિરુદ્ધનું વર્તન કરાશે તો માણસને જ સહન કરવાપણું રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું મૂળ ગોત્ર પ્રચારકનું છે.એટલે એમને પોતાના માટે, ગુજરાત માટે અને દેશ માટે વિશ્વવ્યાપી પ્રચારતંત્ર ઊભું કરવામાં સફળતા સાંપડી છે. આખા દેશમાં ભારતીય સંસ્કૃતિનો અને એના ભવ્ય અતીતનો તથા વર્તમાન પ્રગતિનો બેશુમાર પ્રચાર થતો રહ્યો છે. આખી દુનિયામાં એમને ભારતને 'શિખર રાષ્ટ્ર' તરીકે પ્રસ્થાપિત કરવાનો પુરુષાર્થ આદર્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા ત્યારે કોંગ્રેસી શાસનકાળ દરમિયાન શરુ થયેલા પતંગોત્સવનો એમને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચાર-પ્રસાર કર્યો. દેશમાં નહીં હોય એટલા પ્રશંસકો બલકે ભક્તો વિદેશમાં બેઠાં બેઠાં એમના નામની માળા જપતા થયા છે. પરંતુ અતિપ્રચારના મોહમાં કોવિડ-૧૯ની ભયંકરતા વિસરાઈ ગઈ અને 'પડી ટેવ તે ટળે કેમ ટાળી' વાલી દલપત ઉક્તિની જેમ ટ્રમ્પના ભવ્ય સ્વાગત સમારોહથી લઈ દેશમાં લાખોની મેદનીવાળી રાજકીય રેલીઓ કોરોના પ્રોટોકોલની ઐસી કી તૈસી કરી ચાલુ જ રહી. સ્વાભાવિક હતું કે કેન્દ્ર સરકાર અને શાસક પાર્ટી જ જયારે પ્રોટોકોલ ન જાળવતી હોય ત્યારે પ્રજાને તો એમ જ લાગે કે શું આ બધા પ્રતિબંધાત્મક હુકમો અમારે જ પાળવાના છે ? આવું વિચારનારા લોકો લગ્ન સમારંભો અને બીજી ઉજવણીઓ પણ બેફામપણે કરતા રહ્યા. આથી માંડ કાબૂમાં આવી ગયેલ ચાઈનીઝ વાઈરસને ફરી એક વાર મહાન દેશનો ભરડો લેવાની તક સાંપડી છે. કપટી ચીનની જેમ આપણે 'ઝીરો કોરોના' પૉલિસી અપનાવી શકતા નથી કારણ કે લોકશાહી છે! લોકશાહી કયારેક લોકોને જ ભરખી જતી હોય છે એ આપણે કોરોનાની બીજી લહેર ટાણે નજરે જોયું છે. શરુઆતમાં બ્યુરોક્રસીએ કોઈ કારણસર મૃત્યુ આંક અને પોઝીટીવ કેસોના આંકડા છુપાવવાની મેલી રમત રમી પણ સત્ય તો છાપરે ચડીને પોકારતું હોય છે આખરે તાળીઓ, થાળીઓ અને દીપમાળાઓ કે હાકલા પડકારાને વાઈરસ વશ નહીં જ થાય એની પ્રતીતિ વડાપ્રધાનથી લઈ મુખ્યમંત્રી સુધીના નેતાઓને અને ખુદ સંક્રમિત થયેલી બ્યુરોક્રસીને થઈ છે. એટલે જાગ્યા ત્યાંથી સવાર અને સમજ્યા ત્યાંથી શેઢો વાળી દઈ દાદા ભગવાનના પરમ ભક્ત 'મહાત્મા' મુખ્યમંત્રીએ શિખર પરિષદથી લઈ કાંકરિયા કાર્નિવલ - ફલાવર શૉ અને પતંગોત્સવ જેવા કોરોનાના ખતરાવાળા મહોત્સવો ભારે હૈયે રદ કરી ગુજરાતની પ્રજા પર ઉપકાર જ કર્યો છે. અભિનંદન માનનીય મુખ્યમંત્રી.... હવે થોડા વખત પૂરતી શાળાઓ પણ બંધ રખાવો તો સારું!

### દિન મહિમા

- આફ્રિકન નેશનલ કોંગ્રેસ સ્થાપના દિવસ આની પાછળ પ્રાથમિક હેતુ અશ્વેત અને મિશ્ર જાતિના આફ્રિકનોનો મતદાનનો અધિકાર આપવાનો અથવા આફ્રિકન નાગરિકોને એક કરવા અને મૂળભૂત રાજકીય, સામાજિક અને આર્થિક પરિવર્તન માટેના સંઘર્ષની આગેવાની કરવાનો હતો.
- ૮ જાન્યુઆરીના રોજ યુક્રેન જતું જેટ ઈરાનમાં ક્રેશ થયું હતું, ૧૭૬ નાગરિકો માર્યા ગયા હતા.

### આજનું ઔષધ

- કુંવારપાઠાના રસમાં હળદર મેળવી પીવાથી લીવરના રોગો મટે છે.

### ખડખડાટ

- આ કોરોના આવ્યા પછી તો બીજી બધી બિમારીની તો કોઈ વેલ્યુ જ નથી રહી હોં....!!

### આજનો વોટ્સએપ

- 'હું' અને 'મારું' બંને આશક્તિ અને દુ:ખના કારણ છે.

# વાંકાચુંકા દાંત અને આનુષાંગિક સમસ્યાઓ અને તેનું નિરાકરણ

દંત-ચિકિત્સા
ડો. બિંદી મિહીર પંડ્યા



'કહેવાય છે કે આપણું વ્યક્તિત્વ આપણા સ્મિત દ્વારા ઝળકે છે'

જયારે પણ આપણે કોઈ વ્યક્તિને મળીએ તેયારે આપણું ધ્યાન સામેવાળી વ્યક્તિનાં ચહેરા પર અને ખાસ કરીને તેમના સ્મિત પર ચોક્કસપણે જાય છે.

વાંકાચૂંકા દાંત આપણા સ્મિત અને દેખાવને અનાકર્ષક બનાવે છે અને ફક્ત દેખાવ જ નહીં, પરંતુ આપણા દાંતના અને મોઢાના સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ પણ સર્જી શકે છે. વાંકાચૂંકા દાંતના કારણે દાંતમાં સડો થવાની સમસ્યા, પેઢાનાં રોગો, દાંત અકાળે હલવા લાગવા, જડબાનાં સાંધામાં દુ:ખાવો, કાનમાં દુ:ખાવો, વગેરે સમસ્યાઓ થઈ શકે છે. બાળકોમાં વાંકાચૂંકા દાંતની સમસ્યાઓ હોવાના ઘણા કારણો હોઈ શકે છે. જો માતાપિતા બેમાંથી કોઈ એક ને પણ આ સમસ્યા હોય તો તે વારસાગત રીતે બાળકોમાં જોવા મળી શકે. વારસાગત કારણો સિવાય, બાલ્યાવસ્થામાં મોઢાને લગતી હાનિકારક આદતો જેવી કે અંગૂઠ કે આંગળી ચૂસવાની આદત, મોઢાં વડે શ્વાસ લેવાની આદત, નખ ચાવવાની આદત, હોઠ ચૂસવાની આદત વગેરેનાં કારણે વાંકાચૂંકા દાંતની સમસ્યા થઈ શકે છે. આ સિવાય યોગ્ય ઉંમરે દુધિયા દાંત ના પડવાનાં કારણે, નવાં કાયમી દાંત વાંકાચૂંકા ગોઠવાય છે. માતાપિતાને જો ઉપરોક્તમાંથી કોઈ પણ બાબત અંગે ધ્યાન દોરાય તો તેઓએ તુરંત જ ડેન્ટિસ્ટનો સંપર્ક કરવો જોઈએ. બાળકોમાં મોઢાને લગતી ખોટી આદતોને અટકાવવી જરૂરી છે. વાંકાચૂંકા



દાંત માટેનાં નિષ્ણાંત ડેન્ટિસ્ટને ઓર્થોડોન્ટિસ્ટ કહેવામાં આવે છે. યોગ્ય ઉંમરે આ આદતો ને અટકાવવાથી ૪૦ % જેટલા કેસમાં વાંકાચૂંકા દાંત થવાની સમસ્યાને રોકી શકાય છે. આ માટે ઘણા અપ્લાયંસ ઉપયોગમાં લઈ શકાય છે. વાંકાચૂંકા દાંત માટે બાલ્યાવસ્થા તથા કિશોરાવસ્થામાં ઓર્થોડોન્ટિક ટ્રીટમેન્ટ અંગેનું પ્રમાણ વધ્યું છે. ફક્ત બાળકો અને કિશોરો જ નહીં, યુવાનોમાં પણ આ ટ્રીટમેન્ટ કરાવવા માટેની જાગૃતિમાં વધારો થયો છે. આજકાલ યુવાનો પોતાના દેખાવ તથા સ્વાસ્થ્ય પ્રત્યે વધુ સજાગતા કેળવી રહ્યા છે. એ સવાલ ઘણા લોકોના મનમાં થતો હોય છે, કે શું મોટી ઉંમરનાં વાંકાચૂંકા દાંતની સારવાર (ઓર્થોડોન્ટિક ટ્રીટમેન્ટ શક્ય છે ??? ) તો જવાબ છે હા....

જો આપે પણ બાળપણમાં વાંકાચૂંકા દાંતની સારવાર કરાવેલ નથી; અને આપ દાંતનાં સડવાં, પેઢા ને લગતી સમસ્યાઓ, સાંધામાં દુ:ખાવા વગેરેથી પીડાઈ રહ્યા છો. તો આપણ ઓર્થોડોન્ટિક સારવાર કરાવી શકો. મોટી ઉંમરનાં લોકોમાં વાંકાચૂંકા દાંતને સીધા કરવામાં થોડો વધારે સમય લાગી શકે છે, પરંતુ આ સારવાર ચોક્કસપણે કરાવી શકાય છે.

બ્રેસીસની સારવારમાં પણ હવે એડવાન્સ ટેકનોલોજીની મદદથી ઘણા વિકલ્પો શક્ય છે, જે આ સારવારને સરળ, ઝડપી તથા દુ:ખાવારહિત બનાવી શકાય છે. આજના સમયમાં ન ફક્ત મેટલ, તે સિવાય સિરામિક (દાંતના કલર જેવા), સેલ્ફ લાઈગેટીંગ, લિંગ્યુઅલ બ્રેસીસનો ઉપયોગ વધ્યો છે. જે ઓર્થોડોન્ટિક ટ્રીટમેન્ટને ઝડપી અને આકર્ષક બનાવી શકે.

તદુપરાંત હવે તો દાંતની સારવાર માટે આકર્ષક એવા 'ક્લીયર અલાઈનર' (પારદર્શક બ્રેસીસ)થી પણ વાંકાચૂકા દાંતની સારવાર સરળતાથી ઉપલબ્ધ છે. પારદર્શક હોવાનાં લીધે મોઢામાં તાર કે બ્રેસીસ દેખાવાના પ્રશ્નો રહેતા નથી; વધુમાં તે વ્યક્તિ જાતે જ કાઢી પહેરી શકે છે. તેથી આજકાલના યુવાનો અને મોટી ઉંમરની વ્યક્તિઓ માટે તે ખરેખર આશીર્વાદરુપ છે.

તેથી જો આપને, આપના પાલ્યને અથવા આપના કોઈ સ્નેહીજન ને વાંકાચૂકા દાંત અને તેને લગતી કોઈ પણ સમસ્યા હોય તો તુરંત જ આપના ડેન્ટિસ્ટની મુલાકાત અવશ્ય લો, તથા ઓર્થોડોન્ટિક ટ્રીટમેન્ટ અંગે માહિતી મેળવી; ઓર્થોડોન્ટિસ્ટ પાસેથી યોગ્ય સારવાર મેળવી સમસ્યાનું નિરાકારણ મેળવો.

# Sharddhadeep Dental Team

# ભગવાનલાલ ઇન્દ્રજી : પુરાતત્વ વિદ્યાના દિગ્ગજ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી



પુરાતત્વ વિદ્યાના ભારતના આદિપુરુષ ગણાય તેવા ભગવાનલાલ ઈન્દ્રજીની જન્મજયંતિ હમણાંજ નવેમ્બરમાં ગઈ. કદાચ કેટલાક લોકો આ મહાનુભાવના નામથી પરીચિત ન પણ હોય. પરંતુ ગુજરાતે પોતાના આ પનોતા પુત્રને વિશેષ ઓળખવા જેવા છે. ભગવાનલાલ પોતાના વિશે વાત કરતા કહે છે કે તેઓ જૂનાગઢથી વહેલી સવારે નિયમિત તથા સમયસર નીકળી જતા હતા. શિલાલેખોનો ખજાનો સાચવીને બેઠેલા ગરવા ગિરનારની તળેટીનું તેમને સહજ તથા અદમ્ય આકર્ષણ હતું. ઈસુ ખ્રિસ્તના લગભગ ત્રણસો વર્ષ પહેલા મહાન સમ્રાટ અશોકે ગિરનારના ખડક પર ૧૪ આદેશ લેખો કોતરાવ્યા. ત્યારબાદ બીજા બે અભિલેખો સંદગુપ્તે કોતરાવ્યા. રૂદ્રદામા અભિલેખના લેખ મુજબ ચન્દ્રગુપ્ત મૌર્યના ગવર્નર પુષ્પગુપ્તે સુદર્શન તળાવ ખોદાવ્યું અને જૂનાગઢ તરીકે આજે ઓળખાતા નગરને ગિરિનગર નામ આપ્યું. જૂનાગઢથી નીકળી ભગવાનલાલ પરોઢે ચાર વાગ્યાના સુમારે રૂદ્રદામાના અભિલેખ પાસે પહોંચી જતા હતા. સાંજે છેક સૂર્યાસ્ત સુધી શિલાલેખના એક એક શબ્દને ઉકેલવાની કોશિષ કરતા હતા. શબ્દો ઉકેલી તેઓ સૂઝ તથા ઉકલતથી શબ્દો – વાક્યોની ગોઠવણી કાળજીથી કરતા હતા. આપણે ત્યાંની સામાન્ય પ્રથા મુજબ જૂનાગઢના કેટલાક લોકો અંદરોઅંદર ભગવાનલાલના આ નિત્યક્રમ અંગે ગુપસુપ કરતા હતા. તે લોકોને શંકા હતી કે ભગવાનલાલ કોઈ ગુપ્ત ખજાનો શોધી કાઢવા જીનની સાધના કરી રહ્યા છે ! ભગવાનલાલ આ લોક ચર્ચાથી નિર્લેપ હતા. તેમનું સમગ્ર ધ્યાન પોતાના પડકારરૂપ કાર્યમાં હતું. ધીમે ધીમે તેઓ સતત અભ્યાસને કારણે શિલાલેખો ઉકેલી શક્યા. તેમની કાર્ય કરવાની લગન તથા આત્મવિશ્વાસ આથી બેવડા થયા. પ્રાચીન લિપિ ઓળખવાના મુશ્કેલ કામમાં સફળ થયેલા આપણાં આ આદિપુરુષ છે.

ભગવાનલાલનો જન્મ ૧૮૩૯માં થયો હતો. (૧૮૩૯ થી ૧૮૮૮) જે જ્ઞાતિમાં પ્રભાશંકર પટ્ટણી જેવા દિગ્ગજનો જન્મ થયો હતો તે પ્રશ્નોરા નાગરની જ્ઞાતિમાંજ ભગવાનલાલનો જન્મ જૂનાગઢમાં થયો હતો. ભગવાનલાલનું શિક્ષણ પરંપરાગત રીતે શાળામાં થયું હતું. તેઓ સંસ્કૃતપણ સારી રીતે શીખ્યા હતા. ૧૪ વર્ષની કુમળી વયે તેઓએ ગિરનારના ખડકોની પ્રાચીન લિપિ ઉકેલવાનું શરૂ કર્યું હતું. પરિસ્થિતિની પ્રતિકૂળતા કે મર્યાદિત સાધનો છતાં તેઓ પોતાના લાઈફ મીશનમાં દ્રઢ અને નિર્ણયાત્મક હતા. આ વાત કરતા આવા એક બીજા વનસ્પતિશાસ્ત્રી કચ્છના જયકૃષ્ણ ઈન્દ્રજીની સ્મૃતિ થાય છે. બન્ને એકબીજાથી પરિચિત હતા. અંગ્રેજીનું જ્ઞાન નબળું હોવા છતાં આ બન્ને નિષ્ણાતો તેમના જ્ઞાનના બળે વ્યાપક સ્વીકૃતિ મેળવી શક્યા હતા.

ભગવાનલાલ ઈન્દ્રજીની આ કથા પ્રકાશમાં લાવવા માટે વીરચંદ ધરમસી (મુંબઈ)ને ધન્યવાદ આપવા જોઈએ. વીરચંદભાઈને ફાર્બસ સભાની હસ્તલિખિત પુસ્તકોની એક યાદી રદ્દી કહેવાય તેવા પુસ્તકો વેચવાની લારી પરથી મળી. તેમાંથી ભગવાનલાલજીની નોંધો મળી અને આ અભ્યાસ – સંશોધનનું કામ શરુ થયું. ભગવાનલાલજીના લખાણો ગોઠવીને તેનું પ્રકાશન થયું. ત્યારબાદ ભગવાનલાલ પરના એક અંગ્રેજી પુસ્તકનું ગુજરાતીમાં પ્રકાશન કાર્ય દર્શક ઈતિહાસ નિધિએ કર્યું. જે અભિનંદનને પાત્ર છે. (૨૦૧૨) રંગદાર પ્રકાશને તેના વિતરણનું કાર્ય સંભાળ્યું.

આપણે ત્યાં બ્રિટીશ શાસન દરમિયાન ફાર્બસ જેવા અધિકારીઓએ આપણાં દેશની સંસ્કૃતિ, સાહિત્ય તથા શિલ્પમાં ઊંડો રસ લીધો. ફાર્બસ સાહેબ અભ્યાસુ હતા. કવીશ્વર દલપતરામની મદદથી રાસમાળાની તેમણે રચના કરી હતી તે જાણીતી હકીકત છે. ભગવાનલાલના કાર્યને જોતાંજ કાબેલ અંગ્રેજ અમલદાર તેની ગુણવત્તાથી આકર્ષિત થયા. ફાર્બસ ભગવાનલાલની શક્તિથી ક્રમશઃ વિશેષ પ્રભાવિત થયા. ભગવાનલાલને તેમના કાર્યમાં સહાય મળે તે માટે તેમણે તેમની ભલામણ ડૉ. ભાઉ દાજીને કરી. ડૉ. ભાઉ દાજી (૧૮૨૪-૧૮૭૪) મુંબઈના સુપ્રસિધ્ધ સર્જન હતા. સાંસ્કૃતિક તથા સામાજિક બાબતોમાં તેઓ સક્રિય હતા. અહીંથી ભગવાનલાલના કાર્યને એક નવી દિશા મળી.

સ્વયં કુશળતાથી ભગવાનલાલ ૨૦ વર્ષની વયે અભિલેખોને ઉકેલનાર બની ગયા હતા. પરંતુ જૂનાગઢના તેમના રહેણાંક અને મર્યાદિત સાધનોને પરિણામે તેમની જે શક્તિઓ હતી તેની જાણ ઓછા લોકોને થઈ હતી. ત્યારબાદ ડૉ. ભાઉ દાજીના નિમંત્રણથી તેઓ ૧૮૬૧માં મુંબઈ આવ્યા. ભગવાનલાલે જે કાર્ય એકલપંડ વર્ષોથી કર્યું હતું તેનાથી ડૉ. ભાઉ દાજી ખૂબ પ્રભાવીત થયા. પંડિત ભગવાનલાલનું જીવનચરિત્ર દુર્ગાશંકર શાસ્ત્રી નામના એક વિદ્વાને લખ્યું હતું. તેમાં ભગવાનલાલનો જૂનાગઢથી મુંબઈ સુધીના પ્રવાસનું વર્ણન સાંભળતા આજના સંદર્ભમાં ખૂબ આશ્ચર્ય થાય તેવું છે. સાંપ્રતકાળની સ્થિતિનું તેમાં પ્રતિબિંબ પડે છે.

'' અમદાવાદ સુધી તેઓ બળદગાડીમાં ગયા. અમદાવાદથી વલસાડ નવીજ શરૂ થયેલી ટ્રેઈનમાં ગયા. વલસાડથી પગરસ્તે સામાન પોઠિયા પર ચડાવી એક સિપાઈ સાથે નાસિક ગયા. ત્યાંથી રેલ્વેમાં બેસી મુંબઈ ગયા. સોળ દિવસની આ યાત્રા આ રીતે પૂરી થઈ. ''

ભગવાનલાલની પ્રસિધ્ધિ ક્રમશઃ તેમના કામની ગુણવત્તાના કારણે વધતી રહી. હવે તેઓ દેશ વિદેશના પ્રવાસને કારણે જાણીતા બન્યા હતા. આ સ્વીકૃતિની ચરમસીમા તરીકે તેમને લંડનની રોયલ સોસાયટીએ ફેલો તરીકે ચૂંટ્યા. જે કોઈપણ એશીયન માટે મોટા ગૌરવ તથા સ્વીકૃતિની બાબત હતી. યુરોપની લેઈડન યુનિવર્સિટીએ તેમને માનદ ડૉક્ટરેટની પદવી એનાયત કરી. યુરોપમાં આવું માન પ્રાપ્ત કરનારા ભગવાનલાલ પ્રથમ ભારતીય હતા. સંશોધનની આ યાત્રા તો અવિરત ચાલતી રહેશે. ભવિષ્યના અનેક સંશોધકોને ભગવાનલાલ ઈન્દ્રજીનું જીવન પ્રેરણાદાયક બની રહે છે.

# 'ગ્રામસ્વરાજ' એટલે ગાંધી વિચારની ગળથૂથી...

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર



આદર્શ સમાજ વ્યવસ્થા માટે દુનિયામાં અનેક મહાપુરૂષો અને ચિંતકોએ મથામણ કરી છે..એ માટે જુદી જુદી પધ્ધતિઓ, ઉકેલો અને ઉપાયો પણ એમના દ્વારા મુકવામાં આવ્યા છે.આપણું એ સદનસીબ છે કે આપણી પાસે મહાત્મા ગાંધી જેવી પ્રચંડ પ્રતિભા છે જેણે ભારતની તમામ સમસ્યાઓ ઉપર મૌલિક ચિંતન કરી એના ઉકેલની દિશા આપી છે..એમનું જીવન જ એ માટે સમર્પિત હતું..ગાંધી વિચારધારાના પાયામાં ગામડાનો ઉત્કર્ષ એ મુખ્ય બાબત છે.ભારત એ ગામડાઓનો બનેલો દેશ છે..એનો આત્મા ખેડૂત કે ગ્રામ્ય કારીગર છે..આત્મનિર્ભર ગામ થકી જ દેશ સાચા અર્થમાં સ્વરાજની અનુભૂતિ કરી શકશે..

મહાત્મા ગાંધીએ એમના કિંમતી ટાઈમટેબલ વચ્ચે ગામડાના અર્થતંત્ર અને વ્યકિતના ગૌરવ વિશે જે લેખો લખ્યા છે એ આ પુસ્તકમાં સચવાયા છે..એના દરેક પાને એક સંનિષ્ઠ દેશભકતની લાગણી અને ઊંડું ચિંતન અનુભવાય છે.એની પાછળનો એમનો આશય દેશનો સામાન્ય નાગરિક પણ ગૌરવપૂર્ણ રીતે જીવી શકે અને આઝાદીનો સાચા અર્થમાં અહેસાસ કરી શકે એ જણાય છે.ગાંધીજીની કલ્પનાનું ગ્રામ સ્વરાજ પશ્ચિમની જેમ સંપત્તિકેન્દ્રી અર્થરચના નથી.પણ માનવકેન્દ્રી અર્થ વ્યવસ્થા છે.પશ્ચિમની વ્યવસ્થા જીવનને હણનારી છે, જ્યારે આ ગ્રામઅર્થવ્યવસ્થા જીવનને પોષનારી છે.

માણસની મુળભુત જરૂરિયાત કઈ ? આ બાબતે એ બહુ સ્પષ્ટ છે..કોઈપણ વ્યકિત સ્વમાનથી પોતાની આજીવિકા રળી શકે, પોતાની જરૂરિયાતો સ્થાનિક કક્ષાએથી જ સંતોષી શકે .તેના વ્યકિત ગૌરવનું સન્માન થાય એ જ પાયાની માગણીઓ ગણી શકાય.ભારતમાં ગામડાઓ સદીઓથી પોતાની રીતે સ્વનિર્ભર રહયાં છે..દરેક ગામનું પોતાનું એક આગવું બંધારણ રહેતું..એમાં સામાજિક સહભાગીતાની સાથે દરેકને માટે કોઈને કોઈ કામ હુન્નર કે વ્યવસાય નકકી થયેલા હતા...શ્રમનો મહિમા હતો.માણસ એના ધંધા રોજગાર કે સંપત્તિથી નહીં પણ એનાં ઉચ્ચ મૂલ્યો અને સંસ્કાર થકી ઓળખ પામતો..આપણી આ ભવ્ય પરંપરાનો એકમાત્ર ઉકેલ એ હતો કે બદલાતા સમય અને વિકાસ પામતી દુનિયામાં એ જ મૂલ્યો આધારિત અર્થ વ્યવસ્થાનું નિર્માણ કરવું અને એ થકી ગામડાઓને વધારે સુદ્રઢ બનાવવાં..

આધુનિક શોધખોળો અને ટેકનોલોજિકલ ઉપલબ્ધિઓને કારણે આપણે ખેતી અને પશુપાલન જેવા ગામડાઓને ભરપુર રોજગારી આપતા વ્યવસાયોને બદલે ઉદ્યોગો અને કારખાનાઓને પ્રાધાન્ય આપવા માંડયું. એમાં વિદેશોનું અનુકરણ અને દેખાદેખી જ મુખ્ય હતાં.આ દોડમાં આપણે આડેધડ ઔદ્યોગીકરણ કરતા રહ્યા અને એ રીતે ગામડાઓની જગ્યાએ મોટાં મોટાં શહેરો અસ્તિત્વમાં આવવા માંડયાં..શહેરીકરણ થકી ભારતની કરોડરજ્જુ સમાન ગામડાઓ તૂટતાં ગયાં...જેણે જાણેઅજાણે એક પરાવલંબી સમાજરચના ઉભી કરી..ખેતી અને પશુપાલન જે રીતે માણસને આનંદ સાથે રોટલો રળવાની ઘરઆંગણે તક આપી શકે એવી શક્યતા ફેક્ટરીઓનાં પ્રદૂષણ અને શહેરી ઘોંઘાટ અને ગીચતા ના આપી શકે એ સ્વાભાવિક છે.

આમ છતાં આધુનિક ઉદ્યોગીકરણ વિશે ગાંધીજી જૂનાપુરાણા વિચારો ધરાવતા હતા એમ માનવું પણ ભૂલભરેલું છે.ખરી વાત તો એ છે કે તેઓ યંત્ર તરીકે યંત્રના વિરોધી ન હતા.એમનો જે પ્રખર વિરોધ હતો એ યંત્ર સામેની ઘેલછા માટે હતો..આંધળું અનુકરણ અને ગામડાઓની નીવડેલી પરંપરાઓને આડેધડ ત્યજી દેવાની વાત સામે હતો..ગામડાના લાખો કારીગરોના વૈતરાને ઓછાં કરે એવાં નાના કદનાં યંત્રો કે ખેડૂતની હાડમારી રાહત આપે એવાં ઓજારો સામે એમને વાંધો ન હતો..એ સ્પષ્ટપણે માનતા કે 'ભૂખેથી પીડાતા ધંધા વગરના લોકોનો પરમેશ્વર તો યોગ્ય ધંધો અને તેને પરિણામે મળતું અનાજ જ હોઈ શકે ' એ માલમાં રોકાણ કરવા ઉપરાંત માણસમાં રોકાણ કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂકે છે.

જગતના જે રાજનીતિજ્ઞો વિશ્વ શાંતિ માટે ઈચ્છુક હોય એ બધા ટોચથી નીચે જવાની યોજનાઓ ઉપર વિચાર કરે છે..જયારે ગાંધીજીએ પાયાથી શરૂ કરી તે ઉપર ચણતર કરવાનું કામ કર્યું છે..ભારતમાં ગામડું એ પાયાનો એકમ છે એની ઉપર જ આખા દેશની ઈમારત અડીખમ રીતે ઉભી કરી શકાય એવું એ માનતા હતા..એમને મન સ્વરાજ એટલે વ્યકિતનું આત્મગૌરવ. આદર્શ સમાજ એટલે જ્ઞાતિવિહિન ભેદભાવવિહિન સમાજ.જેમાં ઉર્ધ્વગામી (વર્ટિકલ) વિભાગો બિલકુલ ના હોય પણ સમાંતર (હોરિઝોન્ટલ) વિભાગો હોય જેમાં કોઈ ઊંચું કે કોઈ નીચું ના હોય.

એમને મન શાંતિનો માર્ગ એટલે આપણી પ્રાચીન ગ્રામ સભ્યતાને જાળવી સમૃધ્ધ થતા રહેવું એ હતો.ગ્રામ સ્વરાજ થકી સુખાકારી એમને મન તમામ સુખોની ચાવી હતી. એ માટેના એમણે જે સિધ્ધાંતો રજુ કર્યા છે એ પણ રસપ્રદ છે.(૧) માનવ કેન્દ્ર સ્થાને અને પૂરી રોજગારી (૨) જાતમહેનત (૩) સમાનતા (૪) ટ્રસ્ટીપણું (૫) વિકેન્દ્રીકરણ (૬) સ્વદેશી (૭) સ્વાવલંબન (૮)સહકાર (૯) સત્યાગ્રહ (૧૦) સૌ ધર્મોનું સરખું સ્થાન (૧૧) પંચાયતીરાજ (૧૨) પાયાની કેળવણી...આ તમામ ઉપર એમણે આ પુસ્તકમાં વિસ્તૃત વિચારો રજુ કર્યા છે.

ગાંધીજીની આ વિચારસરણીમાં જાતમહેનત એ પાયાની શરત છે. આ એક જ સદગુણ એવો છે જે માણસને આત્મનિર્ભર અને સ્વમાની બનાવવાની સાથે જ સમાનતાથી જીવતાં પણ શીખવાડે છે.વાલીપણાનો એમનો સિધ્ધાંત ભલે આદર્શવાદી લાગતો હોય પણ વહેલા મોડા એ રસ્તે જ એકતા સ્થાપી શકાશે. ગામડાઓની એક સમયે અસરકારક પ્રથા એટલે મહાજન પ્રથા એ આ સિધ્ધાંતની પરિકલ્પના માટેનું મુળ છે.શિક્ષણના ક્ષેત્રમાં પાયાની કેળવણી થકી નાગરિક ઘડતર એમને મન અદકેરું કામ હતું..એમની સમગ્ર દ્રષ્ટિમાં માનવગૌરવ કેન્દ્રસ્થાને છે.

કેટલાક લોકો એમને પૂછતા કે 'અમારે ગ્રામ ઉદ્યોગના કામનો પ્રારંભ કેવી રીતે કરવો ને સૌથી પહેલાં શું કરવું ?' એના જવાબમાં એમણે કહેલું 'તમારી જાતથી આરંભ કરો ને તમારે માટે જે વસ્તુ સહેલામાં સહેલી હોય એની શરૂઆત સૌથી પહેલાં કરો.' પોતાની જાતથી શરૂઆત કરનાર જ એમના આ વિચારોને સમજી શકશે એવું એ માનતા..શહેરો માણસને પરાવલંબી બનાવે છે અને ક્રમશઃ માણસ એનું ગૌરવ ગુમાવતા જાય છે કોઈપણ સમાજની પ્રગતિનો આધાર એ કેવળ એના ભૌતિક માપદંડો કે સિધ્ધિઓ ના હોઈ શકે પરંતુ જે સમાજ નૈતિક મૂલ્યો અને માણસ સહિત સમગ્ર જીવસૃષ્ટિ સાથે સહકારથી જીવવાની સિધ્ધિ મેળવી શકે એ જ સાચો વિકાસ ગણી શકાય.

ગાંધીવિચાર શુધ્ધ આચરણ અને વિવેક ઉપર ભાર મૂકે છે..એમાં સમગ્રતયાનો આગવો ખયાલ છે. ગાંધીને માણસની સારપમાં અતૂટ શ્રધ્ધા છે..સમૃધ્ધ ગામડાઓ થકી ધબકતું રાષ્ટ્ર એ એમની પરિકલ્પના છે..ગાંધીવિચાર એક ઔષધના કટોરા જેવો છે...''ગ્રામ સ્વરાજ'' ની ગળથૂથી આપણને એક તંદુરસ્ત સમાજ તરફ લઈ જવાનો સાર્થક પ્રયાસ છે.

-rrthakkar2@gmail.com